સતત બીજા દિવસે, અસ્થિર મગજના યુવકે ફાયર વિભાગને પરસેવો પડાવ્યો

‘બધાને મારી નાંખીશ’ અસ્થિર મગજના યુવકે તાંડવ મચાવ્યું

કઠોદરા ટ્વિન બિઝનેસ બિલ્ડિંગમાં ટાઈલ્સના ટુકડા ફેંકી કાચ-બેનરોમાં તોડફોડ કરી

ત્રણને ઈજા, ફાયર જવાનોએ પાછળના દાદરેથી યુવકને દબોચી લીધો

સુરતઃ કઠોદરાના ટ્વીન બિઝનેસ બિલ્ડિંગમાં મોડી રાત્રે અચાનક સર્જાયેલો એક યુવકનો ઉગ્ર તાંડવ જાણે ફિલ્મી દૃશ્ય બની ગયો હતો. 35 વર્ષીય માનસિક તકલીફ ધરાવતો યુવક બિલ્ડિંગના બીજા માળે દુકાનોની ગેલેરીમાં ચડી આવ્યો અને અચાનક ઉશ્કેરાઈ લિફ્ટના કાચ સહિત દુકાનોના બેનરોમાં તોડફોડ શરૂ કરી દીધી. યુવકના રૌદ્ર સ્વરૂપથી વેપારીઓ અને ત્યાં હાજર લોકોમાં દોડધામ મચી ગઈ હતી. યુવકના હાથમાં ટાઈલ્સના તીક્ષ્ણ ટુકડા અને મોઢેથી નીકળતી ધમકીભરી બૂમોએ બીજા માળે હાજર લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. કાચ તૂટવાનો અવાજ અને દોડધામ વચ્ચે વેપારીઓએ પોતાની દુકાનોમાં આશરો લીધો હતો. યુવક સતત ટાઈલ્સના ટુકડા ફેંકતો હોવાથી કોઈ નજીક જવાની હિમત કરતું નહોતું. તેના હુમલામાં ત્રણ વ્યક્તિને સામાન્ય ઈજા થતાં સ્થિતિ વધુ ગંભીર બની હતી. તોડફોડ બાદ યુવકે જમીન પરની ટાઈલ્સ તોડી તેના તીક્ષ્ણ ટુકડા બનાવી લોકો તરફ ફેંકવાનું શરૂ કર્યું હતું. ‘બધાને મારી નાખીશ’ની બૂમો વચ્ચે તેણે કરેલા પથ્થરમારા અને હુમલામાં ત્રણ વ્યક્તિને સામાન્ય ઈજા પહોંચી હતી. લોકોમાં ગભરાટ ફેલાતા પોલીસને જાણ કરાઈ હતી. પોલીસ પહોંચ્યા બાદ પણ યુવકનો હોબાળો શાંત થયો નહોતો.

ફાયર બ્રિગેડના ‘સરપ્રાઈઝ ઓપરેશન’થી દહેશતનો અંત આવ્યો

સ્થિતિ વધુ વણસે નહીં તે માટે ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી. યુવકને આગળથી કાબૂમાં લેવાનું જોખમી હોવાથી ફાયર જવાનોએ અલગ વ્યૂહ રચ્યો. કેટલાક લોકોએ યુવકને વાતોમાં વ્યસ્ત રાખ્યો અને બીજી તરફ ફાયર જવાનો બિલ્ડિંગના પાછળના ભાગે આવેલા દાદરેથી છાનામાના બીજા માળે પહોંચી ગયા. યુવકને તેની જાણ થાય તે પહેલાં જ જવાનોએ પાછળથી ઘેરી લીધો અને અચાનક તેને દબોચી લીધો હતો. બાદમાં યુવકને પોલીસને સોંપવામાં આવ્યો હતો.

ખેડૂતને કોર્ટની નોટિસ મળી ને જમીન પચાવી પાડવાનું કાવતરું ખૂલ્યું

ઉત્રાણની જમીનની બોગસ પાવર ઓફ એટોર્ની અને બનાવટી સાટાખત બનાવી કોર્ટમાં ખોટો દાવો ઠોકી બેસાડ્યો

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં આવેલી કરોડો રૂપિયાની વડીલોપાર્જિત જમીન પચાવી પાડવા માટે બોગસ દસ્તાવેજોના આધારે મોટું કાવતરું ઘડાયાનો ખુલાસો થયો છે. અંદાજે રૂ.૪.૮૬ કરોડની કિંમત ધરાવતી ખેતીની જમીન હડપ કરવા માટે આરોપીઓએ બનાવટી પાવર ઓફ એટોર્ની અને બોગસ સાટાખત બનાવી કોર્ટને પણ ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઉત્રાણ ગામના પટેલ ફળિયામાં રહેતા અને ખેતીકામ કરતાં ૬૦ વર્ષીય મહેશભાઈ મગનભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની ઉત્રાણમાં વડીલોપાર્જિત જમીન આવેલી છે. ગત તા. ૦૫/૦૯/૨૦૨૫ ના રોજ તેઓને સિવિલ કોર્ટની એક નોટિસ મળતા જાણવા મળ્યું હતું કે, અમદાવાદના સંદીપ વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટ અને જૂનાગઢના મહેશભાઈ ભીખાભાઈ ભેંસાણીયાએ આ જમીન અંગે કોર્ટમાં દાવો કર્યો છે. તપાસ કરતા સામે આવ્યું કે, વરાછાના જગદીશ પ્રાગજીભાઈ કાત્રોડિયાએ વર્ષ ૨૦૦૯માં મહેશભાઈ અને તેમના પિતાના નામનું બોગસ પાવર ઓફ એટોર્ની બનાવી લીધું હતું. આ બોગસ પાવરના આધારે તેણે મહેશ ભેંસાણીયા નામના શખ્સને બોગસ સાટાખત કરી આપ્યું હતું. ત્યારબાદ મહેશ ભેંસાણીયાએ સંદીપ બ્રહ્મભટ્ટને બોગસ પાવર ઓફ એટોર્ની બનાવી આપી રૂ.૪.૮૬ કરોડની રકમ દર્શાવી રૂ.૫૦ લાખ બાના પેટે ચૂકવ્યા હોવાનું દર્શાવી કોર્ટમાં જમીનનો દાવો ઠોકી બેસાડ્યો હતો.

દરમિયાન તા. ૦૭/૦૯/૨૦૨૫ ના રોજ કોર્ટ કમિશનર કે.એમ.વરુ સાહેબની હાજરીમાં પંચનામાની કામગીરી ચાલી રહી હતી, ત્યારે સંદીપ બ્રહ્મભટ્ટ સાથે આવેલા અશોક શર્મા અને અન્ય અજાણ્યા માણસોએ જમીનમાં ગેરકાયદે પ્રવેશ કરી કબજો ખાલી કરી દેજો, નહીંતર જાનથી મારી નાખીશું, તેવી ધમકી આપી હતી.

આ મામલે પોલીસે જગદીશભાઈ પ્રાગજીભાઈ કાત્રોડિયા (રહે., તિરૂપતી સોસાયટી-૧, એલ.એચ. રોડ, વરાછા, મહેશભાઈ ભીખાભાઈ ભેંસાણીયા (રહે., વણકરવાસ, ભેંસાણ વાસ-ભેંસાણ-૪ તા.ભેંસાણ જિ.જુનાગઢ, ભરત પી., સંદિપભાઈ વિષ્ણૂભાઈ બ્રહ્મભટ્ટ (રહે., સુરમ્ય એપાર્ટમેન્ટ, નીકોલ, અમદાવાદ, અશોકભાઈ જુગલકિશોર શર્મા (રહે., કલ્પતરૂ પાર્ક, જુંડાલ, તા. જી. ગાંધીનગર અને અન્ય બે અજાણ્યા સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શ્રાવણમાં મહાદેવનો મહિમા

શિવલિંગમાંથી ભમરાઓ નીકળ્યા ને લુંટારુઓ ભાગી ગયા!!

ઓલપાડ ખાતે આવેલા પ્રાચીન સિદ્ધનાથ મહાદેવ મંદિર સાથે અનેક લોકવાયકાઓ જોડાયેલી છે. સ્થાનિક માન્યતા મુજબ આજથી આશરે ૪૦૦થી ૪૫૦ વર્ષ પહેલાં મંદિરને લૂંટવાના ઈરાદે કેટલાક પિઢારા લોકો અહીં આવ્યા હતા. ત્યારે અચાનક શિવલિંગમાંથી ભમરાઓનું ઝૂંડ નીકળ્યું હતું. ભમરાઓએ હુમલો કરતાં પિઢારા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનાથી ગભરાયેલા લોકો શિવલિંગને પગે લાગી ત્યાંથી પરત ફર્યા હોવાનું સ્થાનિકોમાં પ્રચલિત છે. ત્યારથી સિદ્ધનાથ મહાદેવ પ્રત્યે સ્થાનિક શ્રદ્ધાળુઓમાં વિશેષ આસ્થા જોવા મળે છે. મંદિર સાથે જોડાયેલી આ લોકવાયકા આજે પણ પેઢી દર પેઢી લોકોમાં પ્રચલિત છે અને શ્રદ્ધાળુઓ માટે સિદ્ધનાથ મહાદેવની મહિમાનું એક અનોખું ઉદાહરણ બની રહી છે.

સુરતમાં સાંજે એક જ કલાકમાં અડધો ઈંચ વરસાદ

મોડી સાંજે કામધંધેથી ઘરે પરત ફરી રહેલા લોકો અટવાયા, અનેક રસ્તાઓ પર પાણી ભરાયા

સુરત : સુરતમાં આખો દિવસ વાદળછાયું વાતાવરણ અને ભારે મેઘઆડંબર વચ્ચે સાંજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. સાંજે 6 વાગ્યા બાદ શહેરના અનેક વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટું પડતાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. અચાનક શરૂ થયેલા વરસાદને કારણે કામધંધેથી ઘરે પરત ફરી રહેલા વાહનચાલકો અને નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સાંજે 7 વાગ્યાની આસપાસના એક કલાકમાં શહેરમાં સરેરાશ અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ટૂંકા સમયના ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો તથા મુખ્ય માર્ગો પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. સાંજના પીક અવર્સમાં વરસાદ તૂટી પડતાં રસ્તાઓ પર વાહનોની ગતિ ધીમી પડી હતી. કેટલાક વિસ્તારોમાં વાહનચાલકોને પાણીમાંથી પસાર થવાની ફરજ પડી હતી. આખો દિવસ વરસાદની રાહ જોવડાવ્યા બાદ સાંજે થયેલા આ વરસાદે શહેરનું વાતાવરણ ઠંડુ કર્યું હતું.

ક્યા ઝોનમાં કેટલો વરસાદ પડ્યો

ઝોન	વરસાદ (મીમીમાં)
સેન્ટ્રલ	11
રાંદેર	13
કતારગામ	10
વરાછા-એ	11
વરાછા-બી	16
લિંબાયત	8
અઠવા	3
ઉધના	10

MD ડ્રગ્સ ઘુસાડવામાં ‘બિલ્લો’ ઝબ્બે, મુખ્ય સૂત્રધાર યાસીન પણ પકડાયો

ઉન પાટિયાનો બિલ્લા મુંબઈથી 1.67 લાખનું ડ્રગ્સ લઈને મુંબઈથી નવસારી, ત્યાંથી રિક્ષામાં સુરત આવતો હતો

સુરતઃ ડીસીબીએ ગત તા.12 ઓગસ્ટની વહેલી સવારે મીંઢોળા બ્રિજથી કપ્લેટા ચેકપોસ્ટ વચ્ચે જાહેર રોડ પરથી તૌકીર ઉર્ફે બિલ્લા રઈશ ખાન (ઉં.વ.20) (રહે.,ગોલ્ડન આવાસ, ઉન પાટિયા, મૂળ યુપી)ને ઝડપી લેવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી 53.770 ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ, જેની કિં. રૂ.1.61 લાખ હોવાનું સામે આવ્યું હતું. ક્રાઈમ બ્રાંચે આ મામલે ગુનો નોંધી કામુંબઈના ધારાવી વિસ્તારમાંથી ડ્રગ્સ સપ્લાય કરનાર સમીર ઉર્ફે છોટુને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

ધારાવીથી ટ્રેન મારફતે ડ્રગ્સ સુરત પહોંચાડતો હતો

પોલીસની પૂછપરછમાં તૌકીરે ખુલાસો કર્યો હતો કે, તે ઉન પાટિયા ખાતે રહેતા યાસીન સલમાન શેખના કહેવાથી મુંબઈ ગયો હતો. મુંબઈના ધારાવી વિસ્તારમાં રહેતા સમીર ઉર્ફે છોટુ પાસેથી એમ.ડી. ડ્રગ્સ મેળવી તે બાંદ્રાથી ટ્રેન મારફતે નવસારી આવ્યો હતો. ત્યારબાદ નવસારીથી લોકલ રિક્ષામાં બેસી સુરતમાં ડ્રગ્સની ડિલિવરી આપવા આવી રહ્યો હતો.

તૌકીરની કબૂલાત બાદ યાસીન લાજપોરથી ઝડપાયો

તૌકીરેકબૂલ્યું હતું કે, તે અગાઉ ત્રણ વખત ટ્રીપ મારી 50-50 ગ્રામ એમડી ડ્રગ્સ યાસીનને આપી ચૂક્યો છે. એક ટ્રીપનું તે 6થી 7 હજાર કમિશન મેળવતો હતો. ડ્રગ્સ મંગાવનાર તરીકે યાસીન શેખનું નામ બહાર આવતાં ક્રાઈમ બ્રાંચે લાજપોર ગામના ત્રણ રસ્તા પાસેથી યાસીન સલમાન શેખ (ઉં.વ.34) (રહે.,અલીફ નગર, ઉન પાટિયા, મૂળ-આઝમગઢ, યુપી)ને ઝડપી લેવામાં આવ્યો હતો.

યાસીનનો અગાઉનો ઈતિહાસ પણ ગુનાહિત

પોલીસ તપાસમાં યાસીન શેખ અગાઉ પણ ડ્રગ્સના ગુનામાં ઝડપાઈ ચૂક્યો હોવાનું બહાર આવ્યું છે. ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં 23 ગ્રામ એમ.ડી. ડ્રગ્સના NDPS એક્ટ હેઠળના ગુનામાં તેની સંડોવણી નોંધાઈ હતી. ઉપરાંત જુલાઈ-2023માં માલદિવ્સ જવા માટે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી પસાર થતી વખતે બોગસ ડોક્યુમેન્ટ્સના કેસમાં ઈમિગ્રેશન દ્વારા તેને પકડવામાં આવ્યો હતો.

શેરબજારમાં ૩૯૦% વળતરની લાલચ આપી ૧૯.૬૦ લાખ ઠગાઈ કેસમાં એક ઝડપાયો

સુરતઃ સાયબર સેલ દ્વારા ચલાવવામાં આવી રહેલા ‘ઓપરેશન મ્યુલ હંટ ૨.૦’ અંતર્ગત રૂ.૧૯.૬૦ લાખની ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડની ઠગાઈમાં નાસતા-ફરતા મુખ્ય સાગરીત વિવેક દામજીભાઈ બેલડિયાની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓએ બોગસ વેબસાઈટ પર શરેબજારમાં નફો દર્શાવી ફરિયાદી પાસેથી તબક્કાવાર રૂ.૧૯.૬૦ લાખ અલગ-અલગ ખાતાઓમાં મેળવી લીધા હતા. અગાઉ ઝડપાયેલા સત્યજીત પ્રાણજીવન માંજરિયા (રહે.,અમદાવાદ)નું ICICI બેંક ખાતું પંકજ રામાણી (રહે.,ઉમરા, રાજકોટ) એ કમિશનથી મેળવ્યું હતું. બાદ પંકજે આ ખાતું હાલમાં અટક કરાયેલા આરોપી વિવેક બેલડિયા (ઉં.વ.૩૦) (ડ્રાઈવિંગ) (રહે., ચિંચવાડા, કાપોદ્રા, મૂળ રહે.,માખણીયા, તા.તળાજા)ને કમિશન પર આપ્યું હતું. વિવેકે ફરાર સાયબર ગુનેગારોને ખાતું આપ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા સોમવારે ગની દહીંવાળાની જન્મજયંતીની ઉજવણી કરાશે

સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૬ કલાકે સ્વ. ગનીભાઈ દહીંવાળા જન્મ જયંતિની ઉજવણી ‘એકમેકનાં મન સુધી’ નું આયોજન વજુભાઈ ટાંક હોલ, ઉગમણો મહોલ્લો, શાહપોર, સુરત મુકામે કરવામાં આવ્યું છે. આ કવિ સંમેલનમાં નામાંકિત કવિઓ ડો. રઈશ મનીઆર, ડો. હરીશ ઠક્કર અને ડો. હર્ષવી પટેલ પોતાની રચનાઓ પ્રસ્તુત કરી રંગત જમાવશે. કાર્યક્રમમાં ગનીભાઈ દહીંવાળાની ગઝલની સૂરના સથવારે સંગીતમય રજૂઆત આદિત્ય નાયક કરશે. સંકલન ડો. રઈશ મનીઆર કરશે.

જી. ડી. ગોયંકા સ્કૂલની ઈશાની સોંધીને સરદાર પટેલ જુનિયર એવોર્ડ અપાયો

સુરતઃ જી.ડી. ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતની ધો.7ની વિદ્યાર્થિની ઇશાની સોંધીને રોલર સ્કેટિંગમાં તેની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ પ્રતિષ્ઠિત સરદાર પટેલ જુનિયર એવોર્ડ - ૨૦૨૬ માટે પસંદ કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત સન્માન અંતર્ગત ઇશાનીને રૂ. ૨૫૦૦૦ નું રોકડ ઇનામ, સિદ્ધિ પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. તેને ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ગાંધીનગર ખાતે યોજાનારા સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રીની ઉપસ્થિતિમા સન્માનિત થવાનો ગૌરવપૂર્ણ અવસર પ્રાપ્ત થયો હતો. શાળા મેનેજમેન્ટે ઇશાનીને તેની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા તેમજ તેની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા કોચ, માતા-પિતા અને માર્ગદર્શકોના સતત માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહયોગની પ્રશંસા કરી હતી.

‘આવ્યા 4.0’ વેડિંગ એક્ઝિબિશનનો પ્રારંભ, મહિલાઓ ઉમટી પડી

સુરતઃ અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ મહિલા શાખા દ્વારા સિટીલાઈટ સ્થિત મહારાજા અગ્રસેન ભવન ખાતે બે દિવસીય વેડિંગ એક્ઝિબિશન ‘આવ્યા 4.0’ ની ગુરુવારે શરૂઆત થઈ હતી. મહિલા શાખાના અધ્યક્ષ અનુરાધા જાલાને જણાવ્યું કે, કચ્છી ઘોડી અને ઢોલ સાથે એક્ઝિબિશનનું ઉદ્ઘાટન ડીસીપી નિધિ ઠાકુર દ્વારા કરવામાં આવ્યું. ઉદ્ઘાટન સમયે અગ્રવાલ વિકાસ ટ્રસ્ટના અધ્યક્ષ પ્રમોદ કંસલ, ઉપાધ્યક્ષ અમિત સતનાલીવાલા, સચિવ મનોજ બંસલ, કોષાધ્યક્ષ રમેશ અગ્રવાલ (વિનાયક), સહસચિવ રાહુલ અગ્રવાલ, સહકોષાધ્યક્ષ મધુરકૃષ્ણ ઝુનઝુનવાલા સહિત અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સચિવ આરતી મિત્તલે જણાવ્યું હતું કે, એક્ઝિબિશનના પહેલા દિવસે મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. એક્ઝિબિશનમાં ડિઝાઈનર જ્વેલરી, ડિઝાઈનર કપડાં, હોમ ડેકોર સહિત લગ્ન માટેની તમામ વસ્તુઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રસંગે મહિલા શાખાના ઉપાધ્યક્ષ સરોજ આર અગ્રવાલ, રાખી સિંઘલ, સીમા કોકરા, નેહા અગ્રવાલ ઉપરાંત એક્ઝિબિશનના સંયોજક પ્રીતિ ગોયલ, સરોજ અગ્રવાલ, અનિતા કેડિયા, સંગીતા અગ્રવાલ, શકુન અગ્રવાલ સહિત અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા.

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કારગિલ વિજય દિવસ ઊજવાયો

સુરતઃ કારગિલ વિજય દિવસની યાદમાં ‘યુનિયન બેંક ઓફ ઈન્ડિયા’ સુરત રીજન દ્વારા તા. ૧૦.૦૮.૨૦૨૬, સોમવારના રોજ CISF અને ONGC સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો માટે ONGC ફેઝ - II કોલોની ખાતે મફત આરોગ્ય તપાસ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૧૧નું આરોગ્યનિદાન કરાયું હતું. કેમ્પનું ઉદ્ઘાટન સુરતના પ્રાદેશિક વડા ગોવિંદ મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત ONGC હજીરા પ્લાન્ટ કેમ્પસમાં ૧૦૧ છોડ વાવીને વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ ગ્રુંબેશ CISF ડેપ્યુટી કમાન્ડન્ટ વિજય ચકોર અને યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના પ્રાદેશિક વડા ગોવિંદ મિશ્રા દ્વારા હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે યુનિયન બેંકના એજીએમ સંગ્રામ સિંહ રાણા, યુનિયન બેંકના એજીએમ અનંત શાનભાગ, ચીફ મેનેજર ઈશ્વર ચપલોટ અને બેંક અને સીઆઈએસએફના અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમોનું સંકલન CISFના ઇન્સ્પેક્ટર દીપકકુમાર ઝા દ્વારા કરવામાં આવ્યું હતું.

યુનિયન એજ્યુકેશન સોસાયટીના પાંચ વર્ષ માટે નવા હોદ્દેદારો વરાયા

સુરતઃ યુનિયન એજ્યુ. સોસાયટીની ૯૮મી સામાન્ય સભામાં સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાંથી ૧૪ મેમ્બર ટ્રસ્ટી મંડળમાં નીમી તેમાંથી આગામી પાંચ વર્ષ માટે પ્રમુખ તરીકે ચઝદી કરેજીયા. ઉપપ્રમુખ સુનીલભાઈ મોદી. મંત્રી નંદ કિશોરભાઈ ટેલર. સહમંત્રી નિરજભાઇ મોદી અને વિનીતભાઈ તમાકુવાલા, ખજાનચી રાજેન્દ્રભાઈ મેવાવાળા તેમજ સહખજાનચી તરીકે મહેંકભાઈ ગાંધીની વરણી કરવામાં આવી હતી.

કોસાડ આવાસમાં બાળકોની મસ્તી બાબતે ઘરમાં ઘૂસી બે ભાઈઓ પર હુમલો

સુરતઃ કોસાડ આવાસ એચ-રના બિલ્ડિંગ નં-૧૫૪માં રહેતી નાઝમીન અકિલ શેખે નોંધાવેલી ફરિયાદ મુજબ તેનો ભાઈ આદિલ અને માસીનો દીકરો ઉવેશ બિલ્ડિંગ નીચે મસ્તી કરી રહ્યા હતા. રમતા રમતા આદિલે મસ્તીમાં ફેંકેલો એક નાનો પથ્થર નજીકમાં પાર્ક કરેલી બિસ્મિલ્લા શેખની બાઇકના ટાયર પર વાગ્યો હતો. આ બાબતે બિસ્મિલ્લાએ ઉશ્કેરાઈ આદિલ સાથે ગાળાગાળી શરૂ કરી હતી. થોડીવાર પછી આદિલ અને ઉવેશ ઘરમાં હતા ત્યારે ઝુબેર ઈબ્રાહીમ રેતીવાલા, શહદ ઈબ્રાહીમ રેતીવાલા, બિસ્મિલ્લા શેખ અને ફેજાન ફિરોજ શરબતવાલા નાઝમીનના ઘરમાં બળજબરીથી ઘૂસી ગયા હતા. ચારેય શખ્સે ગાળાગાળી કરી આદિલ અને ઉવેશને ઘરમાં જ ઢીકમુક્કીનો માર મારી નાસી છૂટ્યા હતા. પોલીસે ફરિયાદના આધારે ચારેય સામે ગુનો નોંધ્યો છે.

સચિન GIDCમાં વીજ પ્રશ્નોના ઉકેલ માટે ‘ઓપન હાઉસ’

સ્માર્ટ મીટરના બિલમાં ત્રણથી ચાર મહિનાનો વિલંબ, ઉદ્યોગકારોમાં રોષ

ઓક્ટોબર સુધીમાં 100 RMU કાર્યરત કરવાની DGVCLની ખાતરી

સુરતઃ સચિન ઈન્ડસ્ટ્રિયલ કો.ઓ. સોસાયટી લિ. દ્વારા સચિન GIDCના ઉદ્યોગકારોના દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. (DGVCL)ને લગતા પડતર પ્રશ્નોના નિરાકરણ માટે સોસાયટીના બોર્ડરૂમ ખાતે ‘ઓપન હાઉસ’ યોજવામાં આવ્યું હતું.

ઓપન હાઉસમાં સોસાયટીના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, સચિન GIDCમાં વીજ પુરવઠાની વિશ્વસનીયતા વધારવા RMU, નવા સબ સ્ટેશન અને ફીડર બાયફરકેશન જેવી કામગીરી સમયસર પૂર્ણ થાય તો ઉદ્યોગોને વારંવારના વીજ વિક્ષેપથી થતું ઉત્પાદન નુકસાન નોંધપાત્ર રીતે ઘટવાની અપેક્ષા છે. જૂના મીટર દૂર કરીને નવાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ નવા મીટરનું બિલ જનરેટ થવામાં ત્રણથી ચાર મહિનાનો સમય લાગી રહ્યો હોવાની ઉદ્યોગકારોએ ફરિયાદ કરી હતી. અધિકારીઓએ સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ડિજિટલ માધ્યમથી સમયસર બિલ મળી રહે તે માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. સચિન ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, સચિન GIDCના 11 KV 10-B, 7-A અને રઘુવીર ફીડરમાં વારંવાર વીજ વિક્ષેપ થતો હોવાની રજૂઆત કરવામાં આવી હતી. જવાબમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, 10-B ફીડરનું મેઈન્ટેનન્સ પૂર્ણ કરી RMU સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. અન્ય ફીડરોનું બાયફરકેશન કરવાની કામગીરી પણ ચાલુ છે, જેથી ઉદ્યોગોને વધુ સ્થિર અને સતત વીજ પુરવઠો મળી શકે. રોડ નં.2/5 પાસે પ્લોટ નં. CM-1 ખાતે GETCOને ફાળવાયેલા 132 KV અને 66 KVના નવા સબ સ્ટેશનને વહેલી તકે કાર્યરત કરવાની રજૂઆત કરવામાં આવી હતી.

લક્ષ્મી ટેક્સટાઈલ પાર્કનો વીજ લોડ અલગ કરવા માટે નવું 66 KV સબસ્ટેશન ક્યારે અને ક્યાં બનાવાશે તે અંગે પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. DGVCLએ જણાવ્યું હતું કે, 66 KV સચિન-બી/સી સબસ્ટેશનની પાછળની બાજુએ લક્ષ્મી ટેક્સટાઈલ પાર્કનો લોડ અલગ કરવા માટે GETCO સાથે સંકલન કરીને નવું 66 KV સબસ્ટેશન ઝડપથી કાર્યરત કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

UPIથી પેમેન્ટ લેનારા વેપારીઓ ભેરવાયા: GST વિભાગની આંખ લાલ

જીએસટી નંબર વગર મોટું ટર્નઓવર કરનારાઓ સામે તપાસ

સુરતઃ જીએસટી કાયદા હેઠળ નોંધણી કરાવ્યા વગર જ ડિજિટલ પેમેન્ટ સ્વીકારતા વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા એવા વેપારીઓ અને દુકાનદારો સામે સઘન તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેઓ મર્યાદા કરતા વધુ ટર્નઓવર ધરાવતા હોવા છતાં જીએસટી નંબર વગર UPIથી નાણાકીય વ્યવહારો કરી રહ્યા છે.

20 લાખથી 40 લાખની મર્યાદા અને 1000થી વધુ વેપારીઓ ટાર્ગેટ

પ્રર્વતમાન નિયમો અનુસાર સર્વિસ સેક્ટરમાં ૨૦ લાખ રૂપિયાથી અને માલસામાન વેચાણના ક્ષેત્રે ૪૦ લાખ રૂપિયાથી વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે જીએસટી નોંધણી ફરજિયાત છે. આ નિયમનું ઉલ્લંઘન કરનારાઓની ઓળખ કરવા માટે જીએસટી વિભાગે શહેરમાં અંદાજે ૧૦૦૦થી વધુ શંકાસ્પદ વેપારીઓ અને દુકાનદારોની યાદી તૈયાર કરી છે.

દંડ અને વ્યાજ સાથે વસૂલાત થશે

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અતીત શાહે જણાવ્યું હતું કે, જે વેપારીઓ મોટું ટર્નઓવર કરતાં હોવા છતાં જીએસટી નંબર લીધા વગર યુપીઆઈ દ્વારા પેમેન્ટ સ્વીકારી રહ્યા છે, તેઓ વિભાગની કડક નજરમાં છે. આવા કિસ્સાઓમાં અત્યાર સુધીના કુલ ટર્નઓવરના આધારે પાછલો બાકી ટેક્સ, ભારે દંડ તેમજ વ્યાજ સહિતની રકમ વેપારીઓ પાસેથી વસૂલવામાં આવશે.

સતીષ મરાઠાની ગાડીમાં GPS કેવી રીતે લગાવ્યું હતું?

નવસારી જેલમાં જગ્યા ન હોવાથી 6 આરોપીને વડોદરા ખસેડવાનો કોર્ટનો આદેશ

સુરતઃ ગોડાદરાના નામચીન સતીષ ઉર્ફે સતીશ મરાઠાની હત્યાના ચકચારી કેસમાં પોલીસ તપાસ જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ કાવતરાની નવી કડીઓ બહાર આવી રહી છે. કોર્ટની કાર્યવાહી બાદ તમામ આરોપીઓને નવસારી જેલમાં મોકલવામાં આવ્યા હતા. જોકે, નવસારી જેલમાં પહેલેથી જ ક્ષમતા કરતાં વધુ કેદીઓ હોવાના કારણે આરોપીઓને અલગ રાખવાની પૂરતી વ્યવસ્થા ન હોવાનું જણાવી જેલરે સુરત કોર્ટમાં અરજી કરી હતી. અરજી પર સુનાવણી બાદ કોર્ટે સતીશ મરાઠા હત્યા કેસના તમામ છ આરોપીને વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલવાનો આદેશ કર્યો છે.

બીજી તરફ, હત્યા કેસની તપાસમાં પોલીસને વધુ એક ઘાતક પિસ્તોલ મળી આવી છે. ગોડાદરાના એક મકાનના રૂમમાંથી મળી આવેલી આ પિસ્તોલ રાહુલ ઉર્ફે બટકો જગદેવ મુન્નારામ દુબેએ પોતાના મિત્રને છુપાવવા માટે આપી હોવાનું તપાસમાં સામે આવ્યું હોવાનું જાણવા મળે છે. અત્યાર સુધીમાં પોલીસ ત્રણ પિસ્તોલ અને એક તમંચો કબજે કરી ચૂકી હોવાનું જાણવા મળે છે.

હત્યાકાંડમાં સતીશ મરાઠાની ગાડીમાં GPS કોઈ ગેરેજના માણસ મારફતે લગાવવામાં આવ્યું હતું કે ફરાર અંકુર પાંડેએ પોતે જ લગાવ્યું હતું તે અંગે તપાસ ચાલી રહી છે. અંકુર પાંડેની શોધખોળ માટે પોલીસે બે અલગ-અલગ ટીમો બનાવી હોવાનું જાણવા મળે છે. રાહુલ મંડળ ગુજસીટોક હેઠળ લાજપોર જેલમાં બંધ હતો ત્યારે સતીશ બહાર આવ્યા બાદ પોતાને નુકસાન પહોંચાડી શકે તેવી ભીતિ હોવાના કારણે જેલમાંથી જ હત્યાનું કાવતરું ઘડાયું હતું કે કેમ તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

મૃતકે સાક્ષીને જણાવેલી હકીકત પરથી આજીવન કેદનો હુકમ

ગુનામાં મદદરૂપ થનાર ભાઈને 3 વર્ષની કેદ કરાઈ

સુરતઃ મૃત્યુ પહેલાં દોડી આવનાર સાક્ષીને પોતાને મારનાર વ્યક્તિના નામ જોગ જણાવેલી હકીકતને સેશન્સ કોર્ટનાં જજ વી વી પરમારે ઓરલ ડાઈંગ ડિક્લેરેશન (મૌખિક મૃત્યુમુખ નોંધ) માનીને એક આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી તેમજ બીજા આરોપી